વડીલોને વંદન અભિનંદન

અમૃતલાલ ગોવર્ધનરામ ત્રિવેદી
(૧૯૨૮)ફોન:૨૩૨૪૧૫૨૪

દિનેશભાઈ શાંતિલાલ દેસાઇ
(૧૯૩૬) ફોન : ૨૫૪૩૦૬૩૧

રાહુલ ગાંધીથી પ્રભાવિત યુવા મતદારો નિર્ણાયક બન્યા : અમિત ચૌધરી

માણસા બેઠક પર અમિત ચૌધરીએ વિજય મેળવ્યા બાદ મતદારોનો આભાર માન્યો

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લાની પાંચ પૈકી ત્રણ બેઠકો કોંગ્રેસે કબજે કરી છે. માણસાની રસાકસીભરી બેઠક પર કોંગ્રેસના અમિત ચૌધરીએ જીત હાંસલ કરી હતી. આ તબક્કે તેમણે મતદારોનો આભાર વ્યક્ત કરી રાહુલ ગાંધી તરફ યુવા મતદારો પ્રભાવિત થતા વિજયનું લક્ષ્ય સરળ બન્યું હોવાનું પણ જણાવ્યું હતું. મતગણતરી કેન્દ્ર બહાર એકત્રિત ચૌધરી સમાજના યુવાનો સહિત કોંગી કાર્યકરોએ ગુલાલની છોળ ઉડાડી વિજય ઉત્સવ મનાવ્યો હતો.

વિધાનસભાના ચૂંટણી જંગમાં ઉંચા મતદાનના લીધે છવાયેલી પરિણામલક્ષી ઉત્તેજના વચ્ચે આજે ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકોના પરિણામો જાહેર થયા બાદ કભી ખુશી કભી ગમના માહોલ વચ્ચે તમામ અટકળોનો અંત આવી ગયો હતો. જેમાં માણસા બેઠક ઉપર પણ ભાજપના ડી.ડી. પટેલ અને કોંગ્રેસમાંથી અમિત ચૌધરીએ ઉમેદવારી નોંધાવ્યા બાદ સ્વાભાવિક રીતે જ આ બેઠક પર રસાકસીભરી સ્થિતિનું નિર્માણ થયું હતું. અગાઉ પેટા ચૂંટણીમાં કોંગ્રેસે આ બેઠક પર વિજય મેળવ્યા બાદ માણસાના રાજકીય સમીકરણો આમ પણ ચર્ચાસ્થાને રહ્યા હતા. બીજી તરફ આ ચૂંટણીમાં પણ ૮૦ટકા જેટલું ઉંચું મતદાન થતા બંને ઉમેદવારો વચ્ચે કાંટે કી ટકકર હોવાનું મનાતું હતું. આખરે આજે જાહેર થયેલા ચૂંટણી પરિણામ દરમિયાન માણસા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અમિત ચૌધરીએ ૮૦૨૮ મતોની સરસાઈથી હરિફ ઉમેદવાર સામે વિજય હાંસલ કરતા કોંગ્રેસના કાર્યકરો ગેલમાં આવી ગયા હતા. આ બેઠકની ગણતરીના પ્રારંભે અમિત ચૌધરી પહેલા જ રાઉન્ડની મતગણતરીના અંતે પાછળ હતા. ત્યારબાદ થોડા મતોની લીડથી અન્ય રાઉન્ડમાં આગળ નીકળ્યા હતા. પરંતુ સાતમા રાઉન્ડમાં ફરી ડી.ડી. પટેલનું પલ્લુ ભારે જોવા મળ્યું હતું. આખરે ત્યારપછીના રાઉન્ડમાં અમિત ચૌધરીને મળેલી લીડ તેમણે છેલ્લા રાઉન્ડની ગણતરી સુધી જાળવી રાખી અંદાજિત ૮૦૬૮ મતોથી ભવ્ય વિજય હાંસલ કર્યો હતો. પેટાચૂંટણીમાં હારેલા ભાજપના ઉમેદવાર ડી.ડી. પટેલને સતત બીજીવાર પરાજય મળ્યો હતો. માણસા બેઠક પર જીતની ખુશી વ્યક્ત કરતા કોંગી અગ્રણી હરિભાઈ ચૌધરીએ તેમના પુત્રના વિજયને વધાવતા આ મતદારોની જીત હોવાનું જણાવી તેમનો આભાર માન્યો હતો. આ તબક્કે તેમણે રાહુલ ગાંધીથી પ્રભાવિત યુવા મતદારોએ જીતને સફળ બનાવી હોવાનું તેમણે જણાવ્યું હતું.

ચૂંટણી પરિણામની સાથે સાથે

- સે-૧૫ સ્થિત સરકારી કોલેજમાં હાથ ધરાયેલી મતગણતરીના પગલે આ વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.
- મતગણતરી કેન્દ્ર આસપાસ વાહનો ન પ્રવેશે તે માટે બેરીકેટસ પણ મૂકી દેવાયા હતા.
- સવારે ગુલાબી ઠંડીના વાતાવરણમાં આરંભાયેલી મતગણતરી દરમિયાન ચૂંટણી પરિણામની ઉત્તેજનાથી રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.
- સવારે ૮.૩૦ કલાકથી મતગણતરી શરૂ થઈ ત્યારે સમર્થકોની હાજરી પાંખી વર્તાતી હતી.
- પ્રથમ બે ત્રણ રાઉન્ડનું પરિણામ જાહેર થયા બાદ કોલેજ કેમ્પસ બહાર ધીમે ધીમે ઉમેદવારોના ટેકેદારોની ભીડ જામી હતી.
- મતગણતરી કેન્દ્ર બહાર ઝાડીમાં ફૂલહાર, ફટાકડા અને ગુલાબના વેચાણ માટે લારીઓ ખડી થઈ ગઈ હતી.
- ગુલાલ-ફટાકડા સાથે સ્થળ પર ખાણી-પીણી બજાર પણ અસ્તિત્વમાં આવી ગયું હતું.
- રાઉન્ડવાઈઝ જાહેર થતા પરિણામ દરમિયાન કોંગ્રેસનું પલ્લું ભારે રહેતા કોંગી સમર્થકો ગેલમાં આવી ગુલાલ ઉછાળતા નજરે પડતા હતા.
- શરૂઆતના મોટાભાગના મતગણતરીના રાઉન્ડ દરમિયાન કોંગ્રેસના ઉમેદવારો પ્લસમાં રહેતા ભાજપના કાર્યકરોમાં ઉદાસીનતા છવાઈ હતી.
- કોલેજ કેમ્પસમાંથી એનાઉન્સ થતા પરિણામનો અવાજ સમર્થકો સુધી ન પહોંચતા આક્રોશ પ્રવર્ત્યો હતો.
- ટોળે વળેલા રાજકીય પ્રશ્નોના ટેકેદારોનું ટોળાને વિખેરવા પોલીસે લાઠીઓ પછાડી હતી.
- ઊંચા મતદાનને લીધે પરિણામલક્ષી ઉતેજના વધતા ટેકેદારો મોબાઈલ મારફતે અન્ય બેઠકોનું પરિણામ જાણવા સતત વાતચીતમાં વ્યસ્ત જોવા મળ્યા હતા.
- મતગણતરી દરમિયાન પ્રથમ માણસા બેઠક કોંગ્રેસના ફાળે જતા અમિત ચૌધરીના યુવા સમર્થકો ગેલમાં આવી ગયા હતા.
- પંજાનું નિશાન લહેરાવતા સમર્થકોને ગુલાલની છોળો ઉડાડી જીતની ખુશી વ્યકત કરી હતી.
- સે-૧૫ કોલેજ બહાર ગ માર્ગ સમર્થકોની ભીડથી જામ થઈ ગયો હતો.
- આ દરમિયાન કલોલની બેઠકની ગણતરીના અંતે કોંગ્રેસના ઉમેદવાર બળદવજી ઠાકોરને વિજેતા જોર કરાતા કોંગ્રેસના કાર્યકરોમાં આનંદનું મોજું છવાયું હતું.
- કોંગ્રેસના સમર્થકોએ એકબીજાને ગુલાલ છાંટી વિજયને વધાવ્યો હતો.
- ઉમેદવારની જીતની ખુશીમાં એકાદવાર માત્ર નામની આતશબાજી થઈ હતી.
- દહેગામની સળંગ ત્રીજી બેઠક પણ કોંગ્રેસના પોકેટમાં જતા સમર્થકો ઢોલ વગાડી ઝૂમ્યા હતા.
- ગાંધીનગર ઉત્તર અને દક્ષિણની બેઠક પર પણ કોંગ્રેસ આગળ હોવાનું સ્પષ્ટ થતા ભાજપના કાર્યકરો એક સમય માટે અદૃશ્ય થઈ ગયા હતા.
- પરંતુ છેલ્લા બે થી ત્રણ રાઉન્ડની મત ગણતરી દરમિયાન ભાજપના ઉમેદવાર આગળ હોવાનું ચિત્ર સ્પષ્ટ થતા જીતની આશા બંધાઈ હતી.
- મત ગણતરીના કેન્દ્ર બહાર ભાજપના કાર્યકરો જીતની આશા સાથે ગેલમાં આવી ગયા હતા.
- આખરે છેલ્લા તબક્કાના કાઉન્ટીંગ દરમિયાન પરીણામોનું સમીકરણ બદલાતા ઉત્તર અને દક્ષિણની આ બેઠક પર ભાજપના અશોક પટેલ અને શંભુજી ઠાકોરને વિજેતા જાહેર કરાયા હતા.
- એકત્રિત ભાજપના કાર્યકરોએ ઉત્સવ મનાવ્યો હતો. ઢોલ નગારાના તાલે ભાજપના સમથકોએ ગુલાલની છોળો ઉડાડી નાચી-કુદીને વિજયને વધાવ્યો હતો.

શક્તિસિંહનું પણ વિપક્ષના નેતાપદ ઉપરથી રાજીનામું

અમદાવાદ, તા. ૨૦

વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓના પરિણામોની નૈતિક જવાબદારીનો સ્વીકાર કરીને વિરોધપક્ષના નેતા તરીકે પોતાનું રાજીનામું આપેલ છે. ગોહિલે ભારતીય જનતા પક્ષને મળેલી સફળતા માટે ભાજપને અભિનંદન પાઠવેલ છે.

વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન કોંગ્રેસના આગેવાનો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો તેમજ મિત્રોએ ખૂબ જ તનતોડ મહેનત કરી છે અને જે સહયોગ આપેલો છે તે તમામનો શક્તિસિંહ ગોહિલે આભાર માન્યો છે. શક્તિસિંહ ગોહિલને કોંગ્રેસના શક્તિશાળી નેતા ગણવામાં આવી રહ્યા હતા અને તેમની જીત નિશ્ચિત માનવામાં આવી રહી હતી પરંતુ ભાવનગર ગ્રામ્યમાંથી તેમનો પરાજય થયો છે. કોંગ્રેસ માટે શક્તિસિંહ ગોહિલની સીટ પાકી ગણાઈ રહી હતી. શક્તિસિંહ પણ મોદી તરફી મોજામાં ફસાઈ ગયા હતા. અર્જુન મોઢવાડિયાની પણ હાર થઈ હતી.

દહેગામમાં કામીનીબેન રાઠોડનો વિજય

૨૨૯૭ મતોથી વિજયી થઈ દહેગામમાં કામીની બહેને વિજય સરઘસ નિકાળ્યું

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક પૈકી દહેગામ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર કામીનીબેન રાઠોડે કસ્મકસ ટક્કર આપી તેમના વિરોધી અને ભાજપના ઉમેદવાર રોહિત ચંદુજી ઠાકોરને ૨૨૯૭ મતોથી જોરદાર માત આપી હતી અને પંજાને વિજયી બનાવ્યો હતો. પરિણામ જાહેર થતા કામિની બહેનના સમર્થકોએ અબીલ ગુલાલ ઉડાડી જીતનો ભવ્ય જશ્ન મનાવ્યો હતો.

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે આજે સવારે ૮ વાગે સેકટર-૧૫ ખાતે સ્થિત સરકારી કોલેજમાં આરંભાયેલા મતગણતરી પ્રક્રિયા શરૂ થતાની સાથે જ ભાજપના રોહિતજી ઠાકોરે લીડ મેળવી હતી. જ્યારે ૧૦ રાઉન્ડ બાદ લીડ કપાતા કામીનીબેન આગળ નીકળી ગયા હતા અને તેમના પ્રતિસ્પર્ધીને ૨૨૯૭ મતોથી માત આપી ૬૧૦૪૩ મતોથી ભવ્ય વિજય મેળવ્યો હતો. ચૂંટણીમાં વિજય થતા આજે કોંગ્રેસના વિજેતા કામીનીબેન રાઠોડે દહેગામમાં ભવ્ય વિજય સરઘસ કાઢયું હતું. હજારોની કાર્યકરો સમર્થકો અને યુવાનો સાથે અબીલ ગુલાલ ઉડાડી જીતનો જશ્ન મનાવ્યો હતો. દહેગામના મુખ્ય બજાર, રેલવે સ્ટેશન, બારોટવાસ, સોલંકીવાસ, ઠાકોરવાસ, હોલીચકલા વગેરે જગ્યાએ ક્યું હતું અંતે જીતનો સમગ્ર યશ કાર્યકરોને આપી તેમને ધન્યવાદ આપ્યા હતા.

શબ્દાવલી - ૪૯૨૭



આડી ચાવી

૧. બચપણ, બાલ્યાવસ્થા(૪)
૩. દેવું, કરજ (૨)
૪. કપડું ધોવા છતાં પીળું પડી જાય તેને... કહેવાય (૩)
૬. વેણ, વાયદો (૩)
૯. ખાસ ટેવ, ચોક્કસ ક્રિયા (૪)
૧૦. નક્કી (૨)
૧૧. કોઈ વાતને લઈને દુઃખી થયા કરવું તે (૪)
૧૪. એક ચર્મ રોગ (૩)
૧૬. ગંદુ પાણી જવાની નીક કે મોરી (૩)
૧૭. દાંતવાળો મોં નો નીચેનો ભાગ (૩)
૧૮. વજન, ભાર (૨)
૨૦. ઢમઢોલ માહે... (૨)
૨૧. રડવું... (૪)

ઊભી ચાવી

૧. એક પક્ષી (૨)
૨. ઓળખ (૪)
૩. કસ્તર, આંખમાં... પડે (૨)
૫. લાફો મારવો, મારપીટ (૫)
૬. બહુ મિલ્કત વાળી વ્યક્તિએ... નામુ બનાવવું જ જોઈએ (૪)
૭. 'વતન' શબ્દ આડોઅવળો (૩)
૮. જરૂર, ગરજ (૨)
૯. સારા વાવેતર માટે સારૂં બિયારણ અને સારૂં... જોઈએ (૩)
૧૩. લોગ ટેબલ, લોગ જોવાની ચોપડી (૪)
૧૪. તદ્દન પલળી ગયેલું (૪)
૧૬. કંટાળેલં, હારેલું (૨)
૨૦. દેખવું, ભાળવું (૨)

શબ્દાવલી ૪૯૨૬ના જવાબ

આડી ચાવી :- (૧) નરદમ (૪) આલમ (૭) કોમ (૮) લાખ (૧૦) બાજ (૧૧) કાજોલ (૧૨) ડબુ (૧૩) ડૉલર (૧૫) નામ (૧૭) તજ (૧૮) યતિમ (૨૧) નાક (૨૨) લબ (૨૪) ખાસિયત (૨૬) બકાલુ (૨૭) પલટન

ઊભી ચાવી :- (૧) નકોરડો (૨) રમ (૩) મલાજો (૫) લબાડ (૬) મજબૂત (૯) ખલનાયક (૧૧) કારજ (૧૪) લત (૧૬) મતિ (૧૯) મલકાટ (૨૦) વખાર (૨૧) નાત (૨૩) બલુન (૨૫) યતિ (૨૬) બલ

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,

SANGHI CEMENT · KISAN · VINAYAK 500 · SANGHI STEEL - ISI · BENELAVE · DR.FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES · APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD · Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧